# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
# જૂનાગઢ

**ધોરણ-૧૦ પછીના પોલીટેકનીક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭નાં રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓનાં કોમન પ્રવેશને અંતે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટેનો રૂબરૂ કાઉન્સેલિંગ કાર્યક્રમ**

**(વેબસાઈટ: www.jau.in, poly.gsauca.in)**

| Sr. No. | Name of Polytechnic | UR | SEBC | SC | ST | EWS |
|---|---|---|---|---|---|---|
| 1 | Polytechnic in Agriculture, Dhari | - | - | - | 3 | - |
| 2 | Polytechnic in Agriculture, Halvad | - | - | - | 3 | - |
| 3 | Polytechnic in Agriculture, Sidsar (Current: Junagadh) | - | - | - | - | - |
| 4 | Polytechnic in Agriculture, Amreli (Only for Girls) | - | - | - | 1 | - |
| 5 | Polytechnic in Horticulture, Junagadh | - | - | - | 1 | - |
| 6 | Polytechnic in Agro-Processing, Junagadh | - | - | - | 2 | - |
| 7 | Polytechnic in Agricultural Engineering, Targhadia (Rajkot) | 13 | 2 | - | 1 | 3 |
| | **Total** | **13** | **2** | **-** | **11** | **3** |

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકની ઉપરોક્ત પોલીટેકનીક્સમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭નાં રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓના કોમન પ્રવેશ ને અંતે ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટે ધો. ૧૦માં અંગ્રેજી વિષય સાથે ઉતીર્ણ થયેલ પ્રવેશ પાત્રતા ધરાવતા અને લઘુત્તમ લાયકાત ધરાવતા (General/ EWS/SEBC કેટેગરીનાં ઉમેદવારો માટે ધો. ૧૦માં મુખ્ય વિષયોમાં - ૪૦% તથા SC/ST કેટેગરીનાં ઉમેદવારો માટે ધો. ૧૦માં મુખ્ય વિષયોમાં-33%) તથા ચાલુ વર્ષની ૩૧ ડિસેમ્બરે ઓછામાં ઓછા ૧૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોએ નીચેની વિગતેના તમામ ઓરીજનલ ડોક્યુમેન્ટસ તથા તેનાં પ્રમાણિત ઝેરોક્ષનાં બે સેટ સાથે **તા. ૧૯/૦૯/૨૦૨૬** ના રોજ **સવારે ૦૭:૪૫ કલાકે સેમીનાર હોલ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ** ખાતે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

❖ **અરજી ફોર્મ સાથે સામેલ કરવાના પ્રમાણપત્રોની ઓરીજીનલ તથા નકલો (૨-સેટ) ની યાદી:**

૧. ધોરણ-૧૦ની માર્કશીટ
૨. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (LC)
3. જાતિ અંગેનું પ્રમાણપત્ર જો લાગુ પડતું હોય તો,
- જો જાતિ SEBC હોય તો વેલીડ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર (તા. ૦૧/૦૪/૨૦૨૪ કે ત્યારપછીનું)

૪. ૭-૧૨ અને ૮-અ નો તા. ૦૧/૦૪/૨૦૨૬ પછીનો દાખલો તથા વિદ્યાર્થીનો ખેડૂત ખાતેદાર સાથે સબંધ પ્રસ્થાપિત કરતું પેઢીનામું / તલાટીનો દાખલો / રેશન કાર્ડ / સરકારશ્રી દ્વારા માન્ય કોઈપણ એક ડોક્યુમેન્ટ

ઉમેદવારોએ રૂબરૂ કાઉન્સેલિંગના સ્થળે અરજી ફોર્મ ફી રૂ.૨૦૦/- (નોન રીફંડેબલ) ઓનલાઈન ભરી, રજીસ્ટ્રેશન કરાવી ફોર્મ ભરી તેની સાથે જોડેલ પ્રમાણપત્રોના ઝેરોક્ષનાં સેટને આધારે નિયમોનુસાર મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને તે મેરીટના આધારે રૂબરૂ કાઉન્સેલિંગ યોજવામાં આવશે. વિદ્યાર્થીઓને કોમન પ્રવેશને અંતે હાલમાં ખાલી રહેલ બેઠકોમાં જ મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે.

➢ વિદ્યાર્થીએ માર્ચ-૨૦૨૩ અથવા ત્યારબાદ ધોરણ ૧૦ પાસ કરેલ હશે તે ઉમેદવારને પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે.

- જે વિદ્યાર્થીઓ ખેડૂતપુત્રો / ખેડૂત ખાતેદાર હોય તેઓને નિયમોનુસાર વિવિધ પોલીટેકનીકમાં ખેડૂતપુત્ર/ખેડૂતપુત્રી ના વધારાના પાંચ ટકા ગુણભાર/વેઇટેજ મળવાપાત્ર થશે એટલે આવા વિદ્યાર્થીઓએ 7-12, 8-A ની તાજેતરની ઓરીજનલ નકલ તથા વિદ્યાર્થીનો ખેડૂત ખાતેદાર સાથે સબંધ પ્રસ્થાપિત કરતું પેઢીનામું/તલાટીનો દાખલો/રેશન કાર્ડ /સરકારશ્રી દ્વારા માન્ય કોઈપણ એક ડોક્યુમેન્ટ સાથે લાવવાનુ રહેશે.
- રૂબરૂ કાઉન્સેલિંગ વખતે વિદ્યાર્થીઓને એડમીશન મળે એટલે તુરંત જ ફી (વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૨૨૦/- અને વિદ્યાર્થીનીઓ માટે રૂ. ૯૭૦/-) ઓનલાઇન (ડેબીટ કાર્ડ, નેટ બેન્કિંગ, યુપીઆઇ વગેરેથી..) ભરવાની રહેશે. ફી નહિ ભરનાર વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થશે.
- પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી માત્ર વિદ્યાર્થીનીઓ માટે જ મંજૂર થયેલ હોય, તેથી સદર પોલીટેકનીકમાં માત્ર વિદ્યાર્થીનીઓને જ પ્રવેશ આપવામાં આવશે.
- રૂબરૂ કાઉન્સેલિંગનાં દિવસે નિયત કરેલ સમય કરતાં મોડા આવનાર વિદ્યાર્થીઓને (નિયત સમય/રીપોર્ટીંગ સમય ૦૭:૪૫ કલાક) જે તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.
- રૂબરૂ કાઉન્સેલિંગના દિવસે જે તે કેટેગરીના વિદ્યાર્થીઓ હાજર ન હોઈ અથવા જે તે કેટેગરીની બેઠકો ખાલી રહે તો તે બેઠકો સરકારશ્રીના ધારા ધોરણ મુજબ જે તે કેટેગરીની બેઠકોમાં નીચેની વિગત મુજબ પ્રવેશ આપવામાં આવશે.
  (૧) ST કેટેગરીની બેઠકો ખાલી રહેશે તો તે બેઠકો SC કેટેગરીની બેઠકોમાં કન્વર્ટ કરી SC ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે, ત્યાર બાદ પણ ખાલી રહેલ બેઠકો બિન-અનામત કેટેગરીમાં કન્વર્ટ કરી એડમિશન આપવામાં આવશે.
  (૨) SC કેટેગરીની બેઠકો ખાલી રહેશે તો તે બેઠકો ST કેટેગરીની બેઠકોમાં કન્વર્ટ કરી ST ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે, અને ત્યાર બાદ પણ ખાલી રહેલ બેઠકો બિન-અનામત કેટેગરીમાં કન્વર્ટ કરી એડમિશન આપવામાં આવશે.
  (૩) હાલની પરિસ્થિતિએ અધર બોર્ડ (CBSE, NIOS Board વગેરે...) ની બેઠકો ખાલી નથી પરંતુ ગુજરાત બોર્ડનું કે જે તા. ૧૯/૦૯/૨૦૨૬ ના રોજ ઉપસ્થિત રહેનાર ઉમેદવારને આધીન નવું તૈયાર થનાર મેરીટ પણ સંપૂર્ણ પૂર્ણ થઇ જાય અને ત્યારબાદ પણ જો બેઠકો ખાલી રહેશે તો તે બેઠકો અધર બોર્ડમાં કન્વર્ટ કરી અધર બોર્ડના ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે.
- ખાલી બેઠકો ભર્યા બાદ એડમીશન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામા આવશે .
- રૂબરૂ પ્રવેશ માટે આવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગેની ખાતરી પ્રવેશ સમિતિ આપતી નથી. વેબસાઇટ પર અદ્યતન ખાલી સીટોની માહિતી સમયાંતરે અપડેટ કરવામાં આવશે જે ધ્યાને લઇ વાલીઓ/વિદ્યાર્થીઓ એ પ્રવેશ કાઉન્સેલિંગમાં હાજર રહેવું.
- રૂબરૂ કાઉન્સેલિંગ માટે વિદ્યાર્થીઓ / વાલીઓએ સ્વ-ખર્ચે હાજર રહેવાનું રહેશે.

**-sd-**
**કુલસચિવ**
**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી**
**જૂનાગઢ**